

# અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન

**ગૌડાએ રેલવે બજેટ રજૂ કરતી વેળા યાત્રીઓ માટે શ્રેણીબદ્ધ નવી જાહેરાતો કરી : ૨૭ એક્સપ્રેસ, પાંચ નવી પ્રીમિયમ અને ૫ નવી જનસાધારણ ટ્રેન જાહેર : સ્ટેશન પર ડીઝીટલ રિઝર્વેશન ચાર્ટ મુકાશે : પોસ્ટ ઓફિસથી પણ ટિકિટ : ટ્રેનોમાં બ્રાન્ડેડ કંપનીઓના ભોજનની વ્યવસ્થા**

નવી દિલ્હી,તા. ૮ જેની ઉત્સુકતાપૂર્વક રેલવે યાત્રીઓ અને દેશના લોકો રાહ જોઈ રહ્યા હતા તે રેલવે બજેટ આજે રેલવે પ્રધાન સદાનંદ ગૌડાએ રજૂ કર્યું હતું જેમાં ધારણા પ્રમાણે જ લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. યાત્રીઓની સુવિધા વધારવા માટે શ્રેણીબદ્ધ નવી જાહેરાતો કરવામાં આવી હતી. સૌથી મહત્વપૂર્ણ બાબત એ હતી કે, અમદાવાદ અને મુંબઈ વચ્ચે પ્રથમ બુલેટ ટ્રેન દોડાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

આંખમાં જે સ્થાન કીકીનું છે.. પુષ્પમાં જે સ્થાન સુવાસનું છે... સંસારમાં જે સ્થાન સંપત્તિનું છે.. આધ્યાત્મ જગતમાં એ સ્થાન ઉદારતાનું છે
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૧૯ | ૯ જુલાઇ, ૨૦૧૪, બુધવાર; અષાઢ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

### રામ માધવ ભાજપના મહામંત્રી બનશે

ભારતીય જનતા પાર્ટીની



રાષ્ટ્રીય કારોબારીના મહામંત્રી તરીકે રામ માધવની નીમણુંક નિશ્ચિત બની છે. ગઈ કાલે આરએસએસના પ્રવકતા રામ માધવે વિધિવત રીતે ભાજપમાં જોડાવવાની જાહેરાત કરી હતી. સંઘના વરિષ્ઠ પદાધિકારીને ભાજપમાં ચાવી રૂપ સ્થાન આપવાની પરંપરા સ્થાપના કાળથી જળવાય છે. નવા રાષ્ટ્રીય પ્રમુખ તરીકે અમીત શાહની વરણી કરાશે ત્યારે નવી ટીમમાં રામ માધવ મહત્વની ભૂમિકા અદા કરશે.

### વરુણ દેવને રીઝવવા ગધેડા-દેડકાના લગ્ન કરાવાયા

વરસાદ પડવામાં થઈ રહેલા



વિલંબને અટકાવવા માટે કર્ણાટક રાજયના શિમેણા જિલ્લાના ખેડૂતો અને ગ્રામજનોએ વરુણ દેવને રિઝવવા માટે ગધેડાઓ અને દેડકાઓના લગ્ન કરાવ્યા હતા.ગ્રામજનોના કહેવા પ્રમાણે વરસાદના દેવને રાજી કરવા માટે પ્રાણીઓના લગ્ન કરવાની વિધી વર્ષોથી ચાલી આવી રહી છે.

### સીએ હવે દસ ઈન્કમટેક્સ રિટર્ન્સ ઈ-ફાઈલીંગ કરશે

કરદતાઓની મુશ્કેલીઓને



ધ્યાનમાં લઈને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટર ટેક્સીસ (સીબીડીટી) દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ)ને પોતાના મોબાઈલ નંબર કે ઈ-મેઈલ પરથી દસ ઈન્કમટેકસ રિટર્ન્સનું ઈ-ફાઈલીંગ કરવાની મંજુરી આપવામાં આવી છે. અગાઉ માત્ર ચાર રિટર્ન્સનું ઈ-ફાઈલીંગ કરવાની મંજુરી આપવામાં આવી હતી.

# રેલવે બજેટમાં ગાંધીનગરને અન્યાય

**ગાંધીનગરાઓની આશા ઠગારી નિવડી : અનેક રજૂઆતોના અંતે પણ કોઈ પરિણામ ન મળતા શહેરીજનોમાં નારાજગી કેપિટલ સ્ટેશનને અપગ્રેડ કરવાની યોજના પર પાણી ફરી વળ્યું**

ગાંધીનગર, તા.૮

રેલ્વે પ્રધાન સદાનંદ ગૌડા દ્વારા આજે રેલ બજેટ રજુ કરવામાં આવ્યું હતું. આ રેલ્વે બજેટમાં ગુજરાતને નવી ટ્રેનો ફાળવવામાં આવી છે જયારે અમદાવાદથી મુંબઈ બુલેટ ટ્રેઈન શરુ કરવાની જાહેરાત પણ કરવામાં આવી છે. પરંતુ આ રેલ્વે બજેટ સામાન્ય પ્રજાલક્ષી ન હોવાનો સુર ઠવા પામ્યો છે. બીજી તરફ ગુજરાતના પાટનગરને પણ રેલ્વે બજેટમાં કોઈ ફાયદો ન થયો હોવાનું સ્પષ્ટ થતા શહેરીજનોમાં નારાજગી વ્યાપી છે. કેપિટલ સ્ટેશનના વિકાસ માટે તેમજ તેને પાટનગર સમકક્ષ સુવિધાઓ અને ટ્રેનો પૂરી પાડવા નગરની સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ મહેસાણાના સાંસદ ઉપરાંત આમ નાગરિકોએ પણ થોકબંધ રજૂઆત કરી હતી. આમ છતાં રેલ્વે બજેટમાં કેપિટલ સ્ટેશનને ઠેંગો દેખાડી ફરી એક વાર ગાંધીનગરને અન્યાય થયો હોવાનો આક્રોશ ભભૂક્યો છે.

કરોડોના ખર્ચે વિકસાવાયેલા કેપિટલ સ્ટેશન પર હાલની સ્થિતિએ રોજની ચાર ટ્રેનોની અવર-જવર જોવા મળી રહી છે. આમ છતાં વર્ષોના અંતે પણ રેલ્વે સ્ટેશન પર મુસાફરો લક્ષી સુવિધાઓનો અભાવ વર્તાઈ રહ્યો છે. જયારે નવી ટ્રેનો ફાળવવાના મામલે પણ ગાંધીનગરને અન્યાય થતો હોવાનો સુર પ્રબળ બન્યો છે. ત્યારે આ વખતના રેલ્વે બજેટમાં ગાંધીનગરને નવી ટ્રેનો ફાળવવામાં આવે તેવી આશા સેવાઈ રહી હતી. પરંતુ અગાઉની જેમ આ વખતે પણ રેલ્વે બજેટમાં કેપિટલ સ્ટેશનને ઠેંગો દેખાડી દેવાયો છે. કેન્દ્રમાં ભાજપની સરકાર સત્તારૂઢ થયા બાદ ગાંધીનગર રેલ્વે સ્ટેશનને ન્યાય મળશે તેમ મનાઈ રહ્યું હતું. પરંતુ આજે જાહેર થયેલા રેલ્વે બજેટમાં કેપિટલ સ્ટેશનના વિકાસ ઉપરાંત ટ્રેનો ફાળવવાના મામલે કોઈ જાહેરાત ન થતા આમ નાગરિકોની આશા પર પાણી ફરી વળ્યું છે. છેલ્લા ઘણા સમયથી કેપિટલ સ્ટેશન પર યાત્રીકોલક્ષી સુવિધાઓ ઉભી કરવા તેમજ

● અનુસંધાન પાન-૭ પર






મેઘરાજા માટે ખાસ બંદગી - પવિત્ર રમજાન માસમાં વરસાદના વિલંબથી આકૂળ-વ્યાકૂળ બનેલ સમાજ જીવનમાં પ્રાર્થના અને બંદગીઓ ચાલી છે... આજે અમદાવાદ ખાતે મુસ્લિમ સમાજે મેઘરાજાને મનાવવા ખાસ નમાજ અદા કરી હતી... રાજ્યભરમાં સૌ કોઈ પરમ તત્વને પ્રાર્થી રહ્યા છે કે, હવે વિકાસના પાટે દોડતા ગુજરાતને પ્રકૃતિનો પડકાર ન ઉભો થાય... સાનુકૂળતા સદાય જળવાતી રહે એવી મનોકામના સૌના હૃદયમાં છલકાય છે...

# શંકરસિંહની અટકાયત સામે ગૃહમાં ભારે ધાંધલ-ધમાલ

ગાંધીનગર, તા. ૮

રાજ્યમાં ગૌહત્યાના વિરોધમાં મહેસાણા જિલ્લામાં વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની રસ્તા પર ધરણા કરતા પોલીસે કરેલી ધરપકડના મુદ્દે વિધાનસભામાં આને કોંગ્રેસના સભ્યોએ ઉગ્ર સૂત્રોચ્ચાર અને ધાંધલ ધમાલ કરતા પ્રશ્નોત્તરીની ૨૬ મિનિટ સુધી કાર્યવાહી ખોરવી નાંખી હતી. અધ્યક્ષ વજુભાઈ વાળાએ કોંગ્રેસના સભ્યોને બહાર કાઢવાની આપેલી કડક ચેતવણી પછી જ મામલો થાળે પડ્યો હતો.

વિધાનસભામાં આજે ગૃહનુ કામકાજ શરૂ થતા જ અધ્યક્ષ વજુભાઈ વાળા પ્રશ્નોત્તરીની કાર્યવાહી હાથ ધરે તે પહેલા જ કોંગ્રેસના પક્ષના દંડક બલવંતસિંહ રાજપુતે ઉભા થઈને વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની મહેસાણા જિલ્લાના નંદાસણ ખાતે ગૌવંશની કતલ અટકાવવા માર્ગ પર બેસીને ધરણા કરતાં પોલીસે કરેલી ધરપકડનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયાસ કરતાં અધ્યક્ષે તેમને અટકાવ્યા હતા અને પ્રશ્નોત્તરી મુદ્દો ઉપસ્થિત કરવાનું જણાવતા દંડકની રજુઆતના સમર્થનના કોંગ્રેસના સભ્યોએ ગૃહમાં પોતાની બેઠક પર બેસી રહીને પાટલીઓ થપથપાવી બંધ કરો ભાઈ બંધ કરો ગૌહત્યા બંધ કરોના સુત્રોચ્ચાર શરૂ કર્યો હતો. અધ્યક્ષ વજુભાઈ વાળાએ કોંગ્રેસના દંડક અને સભ્યોને જણાવ્યું હતું કે, ધરપકડ એ કોઈ મોટી વાત નથી. ધરપકડ તો ભૂતકાળમાં કેટલીયવાર અમારી પણ થઈ છે. ધરપકડ જ કરી છે તે કોઈને ફાંસીએ તો નથી ચડાવી દીધાને... અધ્યક્ષના આવા જવાબથી કોંગ્રેસના સભ્યોએ પાટલીઓ થપથપાવતા સુત્રોચ્ચાર ઉગ્ર બનાવતા ગૃહમાં શોરબકોર અને ધાંધલ ધમાલના દશ્યો સર્જાયા હતા. આ તબક્કે સરકાર તરફથી મંત્રીઓ નીતિનભાઈ પટેલ અને પ્રદિપસિંહ જાડેતા ઉભા થઈને કંઈક બોલવા જતાં હતા ત્યારે અધ્યક્ષે તેમને બેસાડી દેતા અને સુત્રોચ્ચાર કરતાં કોંગ્રેસના સભ્યોને ચેતવણી આપતા જણાવ્યું હતું કે ગૃહની કાર્યવાહી શાંતિથી ચાલવા દો. મારે વારંવાર ગૃહમાંથી બહાર કાઢવાના પગલા લેવા પડે તે બરાબર નથી.

● અનુસંધાન પાન-૭ પર

# રેલ બજેટમાં ગુજરાતને છ નવી ટ્રેન

**અમદાવાદ-પટણા એક્સપ્રેસ સાપ્તાહિક રહેશે : મુંબઈ-પાલિતાણા વચ્ચે પણ હવે એક સાપ્તાહિક ટ્રેન શરૂ કરાશે**

અમદાવાદ,તા.૮

રેલવેપ્રધાન સદાનંદ ગૌડાએ આજે તેમનું પ્રથમ બજેટ રજૂ કર્યુ હતું જેમાં ગુજરાત માટે પણ શ્રેણીબદ્ધ નવી ટ્રેનોની જાહેરાત કરી હતી. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર બન્યા બાદથી એવી અપેક્ષા હતી કે ગુજરાતને વધુ પ્રમાણમાં ટ્રેનો મળશે. રેલવે બજેટમાં બુલેટ ટ્રેનની સાથે સાથે ગુજરાત માટે અન્ય છ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી છે. બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ પર ૩૭૦૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આ ટ્રેન મુંબઈથી સુરત દોઢ કલાકમાં અને અમદાવાદથી મુંબઈ બે કલાકમાં પહોંચશે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ એમ માનવામાં આવી રહ્યું હતું કે, બજેટમાં શ્રેણીબદ્ધ પગલા ગુજરાતના હિતને ધ્યાનમાં લઈને લેવામાં આવશે અને

● અનુસંધાન પાન-૭ પર

૧. અમદાવાદ-દરભંગા, વાયા સુરત જન સાધારણ એક્સપ્રેસ
૨. અમદાવાદ-પટણા એક્સપ્રેસ (સાપ્તાહિક) વારાણસી
૩. અમદાવાદ-ચેન્નાઈ એક્સપ્રેસ (સપ્તાહમાં બે વાર) વાયા વસઈ
૪. હાપા-વિલાસપુર એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા નાગપુર
૫. મુંબઈ-પાલિતાણા એક્સપ્રેસ (સાપ્તાહિક)
૬. રાજકોટ-રેવા એક્સપ્રેસ (સાપ્તાહિક)




ગોરમાનો વર તો કેસરિયો - ભારતીય સંસ્કૃતિમાં વ્રત-જપ અને તપનો મહિમા છે... ખાસ કરીને મહિલા વર્ગ માટે વિવિધ વ્રતોનો મહિમા વર્ણવાયો છે... બાળકીઓ અને કિશોરીઓ ગૌરીવ્રત દ્વારા પરમાત્માને સારા વર માટે અને સારા ઘર માટે પ્રાર્થના કરે છે... જ્યારે કેવડા ત્રીજ અને વડસાવિત્રી પતિના આયુષ્ય અને આરોગ્ય માટે વ્રત ધારણ કરે છે. આવા તો અનેક વ્રતો પરંપરાગત રીતે આપણી સંસ્કૃતિ સાથે વણાયેલા છે... આજથી ગૌરીવ્રતનો આરંભ થતાં ગાંધીનગરની કિશોરીઓ મીઠા વગરનું ખાઈને પ્રકૃતિની પૂજા કરે છે... અને જીવનની આંટી-ઘૂંટીઓમાં સરળતા આવે એવી પ્રાર્થના સાથે જવારાની પૂજા કરે છે...